RNI No.: GUJGUJ/2015/65690

# ૐકાર સંપ્રદાય

ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષ: ૧૦ | અંક: ૧૨ | જૂન - ૨૦૨૫ | કિંમત: ૧૦/-



# પૃથ્વીલોકથી મોક્ષલોક અને ઈન્દ્રલોક
## સુધી લઈ જનાર ક્રિયા એટલે

# ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે
આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



**ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગમાં જોડાનાર સાધકને આપવામાં આવનાર શાસ્ત્રોક્ત સિદ્ધ સાધન**

| | | |
|---|---|---|
| (૧) ૐકાર મેરુશક્તિ પૃષ્ઠ | (૨) ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગ ચક્ર | (૩) ૐકાર શુભલક્ષ્મી ક્રિયાયોગ ચક્ર |
| (૪) ૐકાર કુંડલિની ક્રિયાયોગ ચક્ર | (૫) ૐકાર શક્તિ ચક્ર | (૬) ૐકાર ત્રિત્રાંશ ચક્ર |

ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**



॥ ૐ નમઃ ॥

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી**
કિંજલભાઈ શાહ

**સહતંત્રી**
મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

**સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફલોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

જૂન-૨૦૨૫ | પાના નં: ૨૪
વર્ષ: ૧૦ | અંક: ૧૨
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

પરમ પૂજ્ય ગુરુજીએ તારીખ : ૧૬-૫-૨૦૧૫, વૈશાખ વદ તેરસના શુભમંગળ દિવસે ૐકારધામ તીર્થની ધન્યધરા ઉપર શાસ્ત્રશુદ્ધ વિધિવિધાનો - પૂજાપૂજનો - ગગનભેદી નારાગુંજ સાથે તીર્થંકર પરમાત્મા, શ્રી ક્ષેત્રપાળવીરદાદા અને નવગ્રહ દેવો, દેવીઓની પ્રાણ પ્રતિષ્ઠા કરી ભવ્યાતિભવ્ય નુતન મંદિરોનું નિર્માણ કરેલ છે. આ મૂર્તિઓ પરમ પૂજ્ય ગુરુજીના એવા સિદ્ધ મંત્રો અને ઊર્જાઓથી સજ્જ છે કે આજના કળિયુગમાં તેમજ આવનાર યુગો-યુગો સુધી તેના દર્શનમાત્રથી મનુષ્યજાતિનું કલ્યાણ થતું રહેશે.

આજે એવા ઘણાં ભક્તો છે કે જેમણે ૐકારધામ તીર્થમાં નિયમિત દર્શને જઈ પોતાના કષ્ટોનું નિવારણ થયાનો સાક્ષાત્કાર કરેલ છે. એટલા માટે જ પરમ પૂજ્ય ગુરુજી ૐકારધામ તીર્થ-પાનવામાં દર્શન કરવા જવા માટે વારંવાર ભક્તોને સૂચન કરે છે.

અહીં પરમ પૂજ્ય ગુરુજીના ગઝલસંગ્રહમાંથી એક ગઝલ રચના રજૂ કરું છું.

## 'સૂર્ય'

**કઇ રીતે એ ભેદ સમજાયો હશે ?**
**એકલો દરિયો તરી આવ્યો હશે ;**

**છે સ્વમાની પણ અષાઢી મેઘ જોઇ,**
**નાચવાને મોર લલચાયો હશે ;**

**એક જૂની વારતાની યાદમાં,**
**શૂન્યતાનો ભેદ ભરમાયો હશે ;**

**બાગમાં ભીની હવા સરકી હશે,**
**એક માળો તો જ કરમાયો હશે ;**

**મેં જ ફૂંક્યો 'ૐ' નામે મંત્ર ત્યાં,**
**એટલે તો સૂર્ય અંજાયો હશે.**

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા મંત્રો અને દિવ્ય સાધનાઓ દ્વારા તેમજ ૐકારધામ તીર્થમાં દર્શન માત્રથી આપ સૌના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તેવી પ.પૂ. સદ્‌ગુરુ ૐઋષિના શ્રીચરણોમાં અભ્યર્થના સાથે ૐ નમઃ...

તંત્રી,
કિંજલભાઈ શાહ

॥ ૐ નમઃ ॥






# એટલે ૐકાર સંપ્રદાયનો સ્થાપના દિવસ

## રથયાત્રાના પાવનદિનની ઊર્જા પ્રાપ્ત કરવા ચમત્કારિક મંત્રસાધના

સદ્ગુરુ ૐઋષિએ ૐકાર સંપ્રદાયની સ્થાપના અષાઢસુદ બીજ ૧૭ જુલાઈ, ૧૯૯૬ના રોજ રથયાત્રાના દિવસે કરી હતી અને એટલે જ ૐકાર સંપ્રદાયના ભક્તજનો માટે આ દિવસ ખૂબ જ પવિત્ર ગણવામાં આવે છે.

પૂર્વ ભારતના ઓરિસ્સા રાજ્યમાં પુરી આવેલું છે. જેને પુરૂષોત્તમપુરી, શંખક્ષેત્ર, શ્રીક્ષેત્રનાં નામથી પણ ઓળખવામાં આવે છે. ભગવાન શ્રી જગન્નાથજીની તે મુખ્ય લીલા ભૂમિ તરીકે પ્રચલિત છે. ઘણાં ધર્મોની માન્યતા એવી છે કે રાધા અને શ્રીકૃષ્ણની યુગલ મૂર્તિના પ્રતિક સમાન સ્વયં શ્રી જગન્નાથ ભગવાન છે. ભગવાન શ્રી જગન્નાથ પૂર્ણ ઈશ્વર છે અને ભગવાન શ્રીકૃષ્ણ એમની શક્તિ અને કલાનું એક રૂપ છે.



|| ૐ નમઃ ||

ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા અષાઢ સુદ બીજનાં દિવસે જગન્નાથપુરીમાં શરૂ થાય છે. રથયાત્રાનું આ પર્વ ભારતનાં અલગ અલગ ક્ષેત્રમાં ભગવાન શ્રી જગન્નાથજીનો રથ કાઢીને આખા નગરમાં ફેરવવામાં આવે છે.

પુરીમાં પણ રથયાત્રા દરમ્યાન લાખો ભક્તજનો ભારત અને દુનિયાનાં અલગ અલગ ક્ષેત્રોમાંથી આવીને ભગવાનની આ રથયાત્રાનો લાભ લઈ પોતાને ધન્ય બનાવે છે.

રથયાત્રાના પાવન દિવસે ભગવાન શ્રી જગન્નાથજીની શક્તિ અને આશીર્વાદની પ્રાપ્તિ થાય તે માટે આપને હું એક દિવ્ય સાધના આપી રહ્યો છું. આ સાધના આ વર્ષ દરમિયાન આવતી પીડાઓ તેમજ આર્થિક નિર્બળતાને દૂર કરી આપના મનને શાંતિ આપશે.

**:: દિવ્ય મંત્ર ::**

**॥ ૐ જગનાથેશ્વર જગનાથેશ્વર મોક્ષમ નમઃ ॥**

આ મંત્ર એક વર્ષમાં ૨૨૦૦૦ વખત કરી સિદ્ધ કરવો.

**ખાસ નોંધ :** ૐકાર સંપ્રદાયના સ્થાપના દિને એટલે કે રથયાત્રાના પવિત્ર દિવસે ૐકાર સંપ્રદાયના દરેક ભક્તોએ ૐકાર ચાલીસાનો પાઠ પાંચ વખત કરવો.


સદ્‌ગુરુ ૐઋષિ દ્વારા આ ચેનલ ઉપર દરેક પ્રશ્નોના સમાધાન માટે અલગ - અલગ મંત્ર પ્રશ્નોનાં સમાધાન માટે આપેલ છે, માટે આ ચેનલ અચૂક જોવી, સબસ્ક્રાઇબ કરી બેલ આઇકન (ઘંટડી) ઉપર કલીક કરવું.



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**અમારા નવા વિડીયો મેળવવા માટે સબસ્ક્રાઈબ કરો.**

YouTube

સ્ટેપ- ૧ યૂ ટ્યૂબ ચેનલ પર કલીક કરો
સ્ટેપ- ૨ ટાઇપ કરો "SADGURU OMRUSHI"
સ્ટેપ- ૩ "SADGURU OMRUSHI" પર કલીક કરો
સ્ટેપ- ૪ SUBSCRIBE બટન કલીક કરો અને Bell ની નિશાનીને દબાવો.

સદ્‌ગુરુ ૐઋષિ દ્વારા રચિત રોજનો પવિત્ર શબ્દ નીચે આપેલ ચેનલ ઉપર આપ નિહાળી શકો છો.

# મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
# પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીની પાવન નિશ્રામાં
# ૐકારધામ તીર્થની અગિયારમી સાલગીરી નિમિત્તે ઉજવાયેલ
# ભવ્યાતિભવ્ય ધજા મહોત્સવ



**ૐકારધામ તીર્થ, પાનવા ખાતે તારીખ:૨૫-૫-૨૦૨૫, રવિવાર, વૈશાખ વદ-૧૩ ના રોજ ૐકારધામ તીર્થની અગિયારમી સાલગીરી નિમિત્તે ધજા મહોત્સવ તેમજ દરેક કળશ મંદિરમાં પ્રતિષ્ઠિત ભગવાન અને દેવી-દેવતાઓને મુગટ ચઢાવવાનો ભક્તોએ લાભ લીધેલ. જે દિવ્ય અવસરની સવિશેષ ઝલક...**

**ખાસ નોંધ :** ૐકારધામ તીર્થની અગિયારમી સાલગીરી નિમિત્તે આપ સૌ ભક્તજનો પધાર્યા અને ધજા મહોત્સવના આ પુનિત કાર્યને સોનામાં સુગંધની જેમ શોભાવ્યું એ બદલ આપ સૌ ભક્તોનો આભાર... જે ભક્તજનોને ધજા મહોત્સવ દરમ્યાન કંઇ તકલીફ પડી હોય તો પરમ પૂજ્ય ગુરુજી એના ક્ષમાપ્રાર્થી છે... ૐ નમઃ ...








































































|| ૐ નમઃ ||

# અવિશ્વસનીય સત્ય

**ઘટના તારીખ - ૧૦-૯-૨૦૦૦**
**સ્થળ - ડાંગનું જંગલ**

જીવનમાં ઘણીવાર આપણને એવા આંચકા મળે છે કે જે આંચકા આપણને ઘણીવાર દુઃખ આપીને જાય છે અને ઘણીવાર સુખ પણ આપીને જાય છે.

આવી જ એક સત્ય ઘટનાને મેં મારી ડાયરીમાંથી બહાર કાઢી અને આપના સુધી પહોંચાડવાનું મેં નક્કી કર્યું એની પાછળનું રહસ્ય આપ આ ઘટના વાંચીને અચંબિત તો થઇ જ જશો, પરંતુ કશુંક પ્રેરણાત્મક પામી પણ શકશો.

આ વાત ૨૦૦૦ની સાલની છે. હું ૨૦૦૦ની સાલમાં ડાંગ જિલ્લાના જંગલોમાં વસતા એક આદિવાસી સમુદાયના ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપવા ગયો હતો. આદિવાસીઓના સરપંચ પીરમલજી મારાથી ઉંમરમાં મોટા હોવા છતાં મને ખૂબ માનથી બોલાવતા હતાં. એમના માનને વશ થઇ હું ૨૦૦૦માં આદિવાસીઓના એ ધાર્મિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યો હતો. હું જ્યારે ડાંગના જંગલમાં પહોંચ્યો ત્યારે એમણે મને એક માટીમાંથી બનેલી કુબા જેવા આકારની ઝૂંપડીમાં ઉતારો આપ્યો હતો.

મારી દેખરેખની જવાબદારી પીરમલજીએ એમના મોટા દીકરા સુભાને આપી હતી. મારો અને પીરમલજીનો સંબંધ છેલ્લા પાંચ વર્ષથી હતો, છતાં એમના મોટા દીકરા સુભાને મેં પહેલી વખત જોયો હતો.

સુભાને મેં જ્યારે પહેલીવખત જોયો ત્યારે એ આદિવાસીઓ પહેરે એમ કમર ઉપર એણે એક પહેરણ પહેર્યું હતું, એના શરીરનો ઉપરનો ભાગ ખુલ્લો હતો, માથા ઉપર પીંછા આકારનું એક મુકટ જેવું બનાવેલું હતું અને એના હાથમાં ભાલો હતો. મોંઢા ઉપર એણે સફેદ કલરના લીટા કર્યા હતાં. જે એમના વનદેવતાના આશીર્વાદના પ્રસાદરૂપ પવિત્ર તિલક હતાં.

મેં મારો નિત્યક્રમ પતાવ્યો અને સુભા મને જ્યાં ધાર્મિક કાર્યક્રમ થવાનો હતો એ સ્થાન ઉપર લઇ ગયો હતો. પાંચસોથી વધારે આદિવાસીઓ એક મોટો યજ્ઞ પ્રગટાવી અને એની પૂજા અર્ચના કરી રહ્યા હતાં. યજ્ઞની આસપાસ પચાસ જેટલા બાળકો જે પાંચ વર્ષની ઉંમરની આસપાસના હતાં એમનું જોડાણ એ આજે વનદેવતા સાથે કરી રહ્યા હતાં. આ વિધિથી તેઓ વનદેવતાના પરિવારમાં જોડાઇ જવાના હતાં. આ એમના દેવતા સાથે જોડાવવાની વિધિ હતી.

આ યજ્ઞવિધિ દરમિયાન કેટલાંક આદિવાસીઓ ઝાડ ઉપર ચઢી અલગ અલગ અવાજોમાં એમના વનદેવતાને પોકારતા હતાં અને વળી કેટલાંક આદિવાસીઓ તાળી પાડીને એમના વનદેવતાનું આહ્વાન કરી રહ્યા હતાં.

પીરમલજી યજ્ઞની મુખ્ય બેઠક ઉપર બેઠાં હતાં અને અલગ-અલગ ઔષધિઓથી યજ્ઞમાં સ્વાહા કરી રહ્યા હતાં. હું પણ એમની જોડે બેસી ગયો. મારા

હાથમાં પણ એમણે ઔષધિઓ આપી અને મેં પણ મંત્ર બોલીને યજ્ઞમાં સ્વાહા કરી હતી.

હું આદિવાસીઓ અને એમના બાળકોને જોઇને એવું વિચારતો હતો કે આ લોકો જંગલમાં જ એમના રિતિરિવાજો વચ્ચે એમની આખી જિંદગી પૂરી કરી નાંખે છે. બહાર બદલાયેલી દુનિયા, વિકસતા શહેરો, આધુનિક ટેક્નોલોજી આ બધાં સાથે આ લોકોને કાંઇ લેવાદેવા નથી. બ્લડપ્રેશર કે ડાયાબિટીસ જેવી બિમારીઓના નામથી પણ તેઓ પરિચિત નથી. આ એક અલગ વિશ્વ છે જે આ ધરતી ઉપર તો છે છતાં પણ ધરતી ઉપર રહેતા બીજા મનુષ્યોથી અલિપ્ત છે.

મારે અવારનવાર જંગલમાં ઔષધિઓ લેવા માટે જવાનું થતું હતું અને એ વખતે જ્યારે આદિવાસીઓની જીવનશૈલીને હું જોતો હતો ત્યારે મને ખૂબ જ આશ્ચર્ય થતું હતું, પરંતુ કોઇપણ ધર્મના કે જાતિના રિતિરિવાજો અને એમની ધાર્મિક માન્યતાના વિરૂદ્ધમાં જઇને કશું પણ કહેવું ના જોઇએ એવું હું ચુસ્તપણે એ વખતે પણ માનતો હતો અને આજે પણ માનું છું અને એટલે જ મારી વ્યવહારુ સમજણ એ વખતે પીરમલજીને આપવાનું મને યોગ્ય લાગ્યું નહિ.

"તમે કાલે અમદાવાદ પાછા જવાના છો તો મારા દીકરાને હાઇવે ઉપર બસ સ્ટેન્ડે મુકતા જશો?" પીરમલે મને પૂછ્યું હતું.

"હા, ચોક્કસ..." મેં એમને ઉત્તર આપ્યો હતો. મારી અને પીરમલજીની વાતચીત પતી ત્યારબાદ સુભા મને મારા રહેવાની જ્યાં વ્યવસ્થા હતી ત્યાં મને મુકવા માટે મારી સાથે આવી રહ્યો હતો અને રસ્તામાં અમે બંન્ને વાતચીત કરી રહ્યા હતાં.

"સુભા, તું તારી વસ્તીમાંથી નીકળી કાલે બસ સ્ટેન્ડ ઉપર જઇશ અને તું આદિવાસી પહેરવેશમાં હોઇશ અને તારા હાથમાં ભાલો હશે તો તને મનમાં થોડું અજુગતું નહીં લાગે?" મેં સુભાને ઉત્સુકતાથી પૂછ્યું હતું.

મારી વાત સાંભળી એ ખડખડાટ હસી પડ્યો હતો અને હું અચંબિત થઇ એની સામે જોઇ રહ્યો હતો.

"કાલે મળીશું." એવું એણે મને હસતા-હસતા કહ્યું હતું.

બીજા દિવસે સવારે હું તૈયાર થઇને કુબાની બહાર બેઠો હતો ત્યારે સફેદ શર્ટ, બ્લ્યુ પેન્ટ, પગમાં બુટ અને વ્યવસ્થિત માથું ઓળેલો એક યુવાન પીરમલજી સાથે આવી રહ્યો હતો. એ નજીક આવ્યો ત્યારે મેં દેખ્યું કે આ તો સુભા છે. હું એને આશ્ચર્યચકિત થઇને જોઇ રહ્યો. એણે મને આશ્ચર્યચકિત થયેલો જોઇ એ ફરીવાર હસી પડ્યો હતો.

પીરમલજી મારી અને સુભા બંન્નેની સામે જોઇ રહ્યા હતાં. અમે બંન્ને મારી ગાડીમાં બેઠાં. ગાડી હાઇવે તરફ જવા લાગી હતી.

"મને ખબર છે કે તમારા મનમાં શું સવાલ ઊભો થાય છે. તમને થાય છે કે આ આદિવાસી છોકરો એનો પહેરવેશ છોડી શર્ટ-પેન્ટમાં કઇ રીતે આવી ગયો?" એણે મને હસીને કહ્યું હતું.

"હા, ચોક્કસ મને એવું જ થાય છે." મેં સુભાને

કહ્યું હતું.

સુભાએ મારી વાત સાંભળીને એણે મને જે જવાબ આપ્યો એ જવાબ આશ્ચર્યની સાથે-સાથે એક અવિશ્વસનીય ઘટના પણ હતી. હું એણે કીધેલો જવાબ શબ્દસહ આપને જણાવું છું.

"હું અહીંયા પ્રાથમિક શાળામાં ભણવા આવતો હતો. મને ભણવાનો ખૂબ શોખ હતો અને હું સરસ ભણતો પણ હતો. મારી માતા અને દાદા ઇચ્છતા ન હતાં કે આદિવાસી થઇને હું વધુ ભણું. એ ઇચ્છતા હતાં કે હું પણ મારા પિતાની જેમ આદિવાસી રિતિરિવાજો સમજી ભવિષ્યમાં આદિવાસીઓનો સરપંચ બનું. પરંતુ મારા પિતાની તીવ્ર ઇચ્છા મને ભણાવવાની હતી અને એટલે જ મારા પિતાની ઇચ્છા સામે મારી માતા અને મારા દાદા કશું બોલી શક્યા ન હતાં. મેં નવસારીમાં હોસ્ટેલમાં રહીને મારું બારમા ધોરણ સુધીનું ભણતર પૂરું કર્યું. મેં દસમા પછી સાયન્સ લીધું હતું અને જ્યારે બારમા ધોરણમાં મારે ૯૦ ટકા આવ્યા અને મને MBBSના ભણતર માટે અમદાવાદની સીવીલ હોસ્પિટલમાં એડમીશન મળી ગયું. અત્યારે હું સીવીલ હોસ્પિટલમાં ડોક્ટરનું ભણતર ભણી રહ્યો છું. મારું નામ સ્કૂલમાં મને દાખલ કર્યો ત્યારે મારા પિતાએ સુભાના બદલે સંજય લખાવ્યું હતું. એ ઇચ્છતા હતાં કે મહાભારતમાં સંજય જેમ દિવ્ય દૃષ્ટિથી મહાભારતનું યુદ્ધ દેખી ધૃતરાષ્ટ્રને જેમ જણાવતો હતો એમ હું પણ ભણીને તૈયાર થઉં અને આદિવાસીઓના બીજા છોકરાઓને પણ ભણવા માટે પ્રેરિત કરું અને ભણતરના અભાવે એ લોકોના જીવનમાં રહેલો અંધકાર દૂર કરવાનો પ્રયત્ન કરું. MBBS ડોક્ટર થયા પછી મારે જનરલ સર્જન બનવું છે. કાલે તમે મને આદિવાસીના પહેરવેશમાં જોયો હતો, પરંતુ સાચું કહું તો એ જ અમારી સાચી વેશભૂષા છે. આ શર્ટ-પેન્ટ અને બુટ એ શહેરી જીવનની દેન છે અને મને મારો આદિવાસી પોશાક પહેરીને ભણવા જવામાં મને જરા પણ શરમ નથી, પણ અમારી રિતરિવાજોની કોઇ હાંસી ઉડાવે એના કરતા જે જગ્યાનો જે પહેરવેશ હોય એ પહેરીને એ લોકોમાં ભળી જવું જોઇએ એવું મારું સ્પષ્ટપણે માનવું છે અને એક દિવસ એવો આવશે કે આદિવાસીનો દરેક છોકરો ભણીને એમના જીવનમાંથી અંધકાર દૂર કરશે અને સાથે સાથે અમારા રીતિરિવાજોને પણ જીવંત રાખશે." સુભા ઉર્ફે સંજયનો જવાબ સાંભળી મારું મોંઢુ અડધું ખુલ્લુ રહી ગયું હતું.

મારા મનમાં એ જ વિચારો ચાલતા હતાં કે હજી બે દિવસ પહેલા તો હું એવું વિચારતો હતો કે આ આદિવાસીઓ તો બ્લડપ્રેશર કે ડાયાબિટીસ જેવી બિમારીઓના તો નામ પણ નહીં જાણતા હોય, પણ એ ક્ષણે મને ક્યાં ખબર હતી કે જ્યારે હું આવું વિચારી રહ્યો છું ત્યારે મારી બાજુમાં બેઠેલો છોકરો ડોક્ટરનું ભણતર ભણી રહ્યો છે અને એમની આખી આદિવાસી પ્રજાને એમના સંતાનોને ભણાવવા માટેની પ્રેરણારૂપ ઉદાહરણ બની રહ્યો છે.

હવે તમે જ વિચારો કે મારું જોયેલું સત્ય અવિશ્વસનીય છે કે નહિ?

લિ. ૐગુરૂ

# ૐકાર ચાલીસાથી ગળાની તકલીફ દૂર થઇ

હું ધોરણ-૧૨માં અભ્યાસ કરું છું. પંદરેક દિવસ પહેલા મને ગળામાં કંઇક ફસાઇ ગયું હોય એવું લાગ્યા કરતું હતું. મારું મન સતત તેમાં અટવાયેલું રહેતું હતું. ભણવામાં મન ચોંટતું ન હતું. મેં ખૂબ પાણી પીને, સોડા પીને તે નીચે ઉતરી જાય એવો ત્રણ દિવસ પ્રયત્ન કર્યો, પરંતુ કંઇ ફરક પડ્યો નહિ.

એ પછી મેં મારી મમ્મીને વાત કરી. મારી મમ્મીએ ડૉક્ટર પાસે લઇ જવાનું કહ્યું પણ મેં ના પાડી, કારણકે આની પહેલા પણ મને ગળામાં નસ ખેંચાવાનો પ્રોબ્લેમ થયો હતો ત્યારે મારી મમ્મી મને ડૉક્ટર પાસે લઇ ગઇ હતી અને ડૉક્ટરે મને એન્ડોસ્કોપી કરીને જોવાનું કહ્યું હતું, પણ મેં અને મારી મમ્મીએ ડૉક્ટરના કીધું ના કરતા પરમ પૂજ્ય ગુરુજીને વાત કરીને એમણે આપેલ મંત્રથી મારી સમસ્યા દૂર થઇ ગઇ હતી એટલે આ વખતે મેં મારી મમ્મીને ડૉક્ટર પાસે ન જતા ગુરુજીને વાત કરવાનું કહ્યું.

મારી મમ્મીએ ગુરુજીને ફોન કરીને મારી આ સમસ્યા વિશે વાત કરી. ગુરુજીએ કહ્યું કે "તું વાડકીમાં પાણી લઇ અનામિકા આંગળી પાણીમાં રાખી સંકલ્પ કરીને ૐકાર ચાલીસા કર અને પછી એ અભિમંત્રિત થયેલ જળ પી જજે. તને ધીમે-ધીમે બે દિવસમાં ફરક પડી જશે."

ગુરુજીના કહેવા પ્રમાણે મેં ૐકાર ચાલીસા કરી અને બે જ દિવસમાં મારી સમસ્યા સંપૂર્ણપણે દૂર થઇ ગઇ. પરમ પૂજ્ય ગુરુજીના આવા કંઇક કેટલાંયે ચમત્કારિક અનુભવો મેં મારા જીવનમાં અનુભવ્યા છે માટે હું એમને "GOD OF MANTRAS" કહું છું. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં વારંવાર દંડવત નમન.....

લી. રૂદ્રિકા (અમદાવાદ)

**આપના જીવનમાં આવી કોઇ સમસ્યા આવે તો સંકલ્પ કરીને સદ્ગુરુ ૐઋષિ રચિત ૐકાર ચાલીસા પૂરા મન અને શ્રદ્ધાથી કરો. આપની પીડા ચોક્કસ દૂર થઇ જશે.**

# કૌટુંબિક અને આર્થિક તકલીફ દૂર થઇ

મારું નામ શ્રદ્ધા દેસાઇ છે. પરમ પૂજ્ય ગુરુજી સાથે હું ૨૦૧૬થી જોડાયેલી છું. મારા જીવનમાં હું જ્યારે એમને મળી એ પહેલા કૌટુંબિક અને આર્થિક સંઘર્ષ મારે ખૂબ જ સહન કરવો પડ્યો હતો.

લગ્નના બે વર્ષ બાદ જ અમે ખૂબ જ દેવાદાર બની ગયા હતા અને ખાસ કરીને મારા સાસરા પક્ષ વાળાઓને એવું લાગતું હતું કે મારા પગલે ઘરમાંથી ધન જતું રહ્યું. મારી માનસિક પરિસ્થિતિ એવી થઇ ગઇ હતી કે હું પણ એવું માનવા માંડી હતી કે એ સાચું છે અને હું એના કારણે ખૂબ ડિપ્રેશનમાં હતી.

મારા પિતાની સલાહ માનીને હું પરમ પૂજ્ય ગુરુજીને ૨૦૧૬માં મળી ત્યારે એમણે મને આશ્વાસન આપતા કહ્યું કે "જો હું આપું એ મંત્ર અને ૐકાર ચાલીસા નિયમિત કરજે અને તને વાતલ્ય દોષ છે. આ દોષના કારણે તમારા ઘરમાં ધન સ્થિર થતું નથી અને એના કારણે અશાંતિનો માહોલ ઊભો થાય છે. માટે મંત્ર-ૐકાર ચાલીસા નિયમિત કરજે."

પૂજ્ય ગુરુજીએ બતાવ્યા પ્રમાણે મેં અમલ કર્યો અને એમણે જે દિશા બતાવી હતી એ પ્રમાણે હું શ્રદ્ધા અને આસ્થા સાથે ચાલતી રહી. મારા પતિને પણ મેં મંત્ર અને ૐકાર ચાલીસા કરવા સમજાવ્યા.

તમને વિશ્વાસ નહીં આવે પરંતુ છ મહિનામાં જ મારી આસ્થા રંગ લાવી અને હું મારા ઘરમાં એવું સાબિત કરવામાં સક્ષમ રહી કે મારા પગલેથી ધન ગયું નથી પણ ધન આવવા લાગ્યું, ફેક્ટરી ચાલવા લાગી અને મોટા ઓર્ડર મળવા લાગ્યા. આજે ૨૦૨૫માં મારા લગ્ન પહેલા જે સારી આર્થિક પરિસ્થિતિ હતી એના કરતા પણ વધારે ત્રણ ગણી આર્થિક પરિસ્થિતિ ઉત્તમ અને સક્ષમ થઇ છે. આનો સંપૂર્ણ શ્રેય મારા જીવનમાં ઉત્તમ પરિવર્તન લાવનાર પરમ પૂજ્ય ગુરુજીને હું આપું છું. પરમ પૂજ્ય ગુરુજીના મંત્ર, ૐકાર ચાલીસા અને મંત્રશક્તિપાત નિયમિત કરવા આ જ સૂત્ર મેં મારા જીવનમાં અપનાવી લીધું છે, આપ પણ અપનાવો.

લી. શ્રદ્ધા દેસાઇ (નવસારી)

**આપ પણ આપના જીવનમાં આવી કોઇ સમસ્યાથી ઘેરાયેલા હોય તો ૐકાર ચાલીસા લેખન અને પઠન અવશ્ય કરો. તેમજ પરમ પૂજ્ય ગુરુજીના મંત્ર અને મંત્રશક્તિપાત અવશ્ય શ્રવણ કરો.**

## ગુરુજીએ આપેલ મંત્રરૂપી દવાથી આર્થિક રીતે સક્ષમ બન્યો

જીવન કેવો રંગ બદલે છે એનો અનુભવ મને મારા જીવનમાં થયો. હું નાસ્તિક છું અને નાસ્તિક હોવાનો મને ગર્વ પણ છે, પરંતુ કુદરત મનુષ્યને જ્યારે તોડવા બેસે ત્યારે મનુષ્ય ડૂબતો તણખલું પકડે તેમ તણખલું પકડતો થઇ જાય.

પરમ પૂજ્ય ગુરુજી પાસે હું મારી પત્નીના દબાણના કારણે આવ્યો હતો. મેં એમને કહ્યું કે ગુરુજી આપ જ્ઞાની હશો પરંતુ હું ઈશ્વરમાં ભગવાનમાં માનતો નથી. કુદરતની કોઇ શક્તિ ચોક્કસ આ પૃથ્વીને ચલાવે છે, પરંતુ હું ઈશ્વર ચલાવે છે એવું માનવા તૈયાર નથી.

પરમ પૂજ્ય ગુરુજી આવું સાંભળીને હસ્યા અને કહ્યું “બહુ સારી વાત છે. તમે જે માન્યતા રાખો છો એ માન્યતા પર તમે અડીને રહો. તમે ઈશ્વર નથી એવું માનશો કે નહીં માનો પરંતુ ઈશ્વર તો જ્યાં છે ત્યાં જ છે પણ હું તમને ઈશ્વરની પ્રાપ્તિ કરાવવા નહીં પરંતુ તમને તમારા આર્થિક પ્રશ્નોની દવા આપી રહ્યો છું. જ્યારે કોઇને ડેન્ગ્યુ થાય ત્યારે એને મંદિરમાં ના લઇ જવાય પરંતુ હોસ્પિટલમાં દવા કરાવવા માટે લઇ જવો પડે. એવી જ રીતે તમને આર્થિક પ્રોબ્લેમનો ડેન્ગ્યુ થયો છે અને એનું સમાધાન હું મારા મંત્રની દવા આપીને કરીશ. પરંતુ તમારે આને શ્રદ્ધા વગર કરવાની છે, કારણકે તમે તો નાસ્તિક છો. એટલે શ્રદ્ધાનું પરિબળ હું આમાં તમને ઉમેરવાનું નહીં કહું. તમે મંત્ર અને ૐકાર ચાલીસા દવાની જેમ કરવા તૈયાર છો? તો તમને આ ચમત્કારિક ફળ આપશે.”

પરમ પૂજ્ય ગુરુજીએ પ્રશ્ન સાથે એમની વાત પૂરી કરી. મેં હકારમાં માથું હલાવ્યું. મેં મંત્ર અને ૐકાર ચાલીસા રાત્રે ૯ થી ૧૧ માં કરવાનું શરૂ કરી દીધું. સાચું કહું તો સાંજે આવીને જમી લઉં પછી ન્યૂઝ જોતી વખતે વચ્ચે જ્યારે બ્રેક આવે ત્યારે હું મંત્ર અને ૐકાર ચાલીસા કરતો. મંત્ર અને ૐકાર ચાલીસાથી આર્થિક પરિસ્થિતિમાં બદલાવ આવશે એવી મારી જરાય માન્યતા ન હતી, પરંતુ પત્નીનો ફોર્સ અને ઘરમાં કંકાશ ના થાય એ માટે પરમ પૂજ્ય ગુરુજીએ આપેલ મંત્ર અને ૐકાર ચાલીસા હું નિયમિત કરતો રહ્યો.

ત્રણ મહિના, છ મહિના, નવ મહિના એ દરમ્યાન ત્રણ-ચાર વખત ગુરુજી સાથે સત્સંગ કરવાનો મોકો મળ્યો. એમની પ્રેક્ટીકલ વાણી અને આજની પરિસ્થિતિમાં પ્રેક્ટીકલ સમાધાન આપવું તથા પ્રોબ્લેમની સાથે સામેવાળાના મનને સમજવું આ બધી ખૂબીઓ ચોક્કસ મને ગુરુજીમાં દેખાઇ. પણ મંત્ર અને ૐકાર ચાલીસાનો હજી કોઇ ફાયદો થયો ન હતો.

લગભગ બાર મહિના પત્યા હશે અને જીવનમાં બદલાવ આવ્યો. મને કેનેડામાં મારા મિત્રએ એની બે મોટેલો ચલાવવા માટેની ઓફર કરી. અહીંયા આર્થિક રીતે દેવું હતું અને મારા મિત્રની આ ઓફર ખૂબ જ આકર્ષક હતી. મેં મનમાં વિચાર્યું કે આ મંત્ર અને ૐકાર ચાલીસાનો પ્રતાપ નથી, પરંતુ મિત્રની લાગણીનો આ પ્રભાવ છે એમ માનીને મેં ઓફર સ્વીકારી લીધી.

સાચું કહું તો કેનેડા ઉતર્યો એના મહિના સુધી તો હું એવું જ માનતો રહ્યો કે એક વર્ષમાં મારા મિત્રએ મારા પર વિશ્વાસ રાખ્યો એના કરતા પણ એને કોઇ વિશ્વાસુ માણસની જરૂર હતી એટલે એણે મને બોલાવ્યો. મંત્ર અને ૐકાર ચાલીસાનો આમાં કોઇ પ્રભાવ નથી, પરંતુ એક મહિનામાં મારો ભ્રમ

તૂટી ગયો.

એક રાત્રે હું મારા મિત્ર જોડે બેઠો હતો અને વાત કરતા કરતા એણે મને એવું કીધું કે જે દિવસે મેં તને જે વિશ્વાસથી ફોન કર્યો હતોને એ દિવસે હું મારા શાળા વિશ્વાસને ફોન કરતો હતો પરંતુ થોડો હું નશામાં હતો એટલે મને પહેલો વિશ્વાસ મોબાઇલમાં દેખાયો એ વિશ્વાસને ફોન લગાવ્યો અને તારો ફોન લાગી ગયો. તારી જોડે ધંધાની ને બધી વાત પણ કરી લીધી, પરંતુ સવારે મને જ્યારે સમજ પડી કે મેં મારા શાળાની જગ્યાએ તને કહી દીધું છે અને તે પણ મને ફોનમાં એવું કીધું કે તું આવવા તૈયાર છે.

તને ના પાડવા માટે બીજા દિવસે મેં મારા શાળાને ફોન કર્યો. પરંતુ મારા શાળાએ ઇન્ડિયા છોડીને કેનેડા આવવાની સંપૂર્ણપણે ના પાડી દીધી. એટલે મારી પાસે તારા સિવાય કોઇ વિકલ્પ ન હતો અને મેં એવું માન્યું કે ઈશ્વરે કદાચ નશામાં તને જ ફોન કરાવ્યો હશે અને તારું કેનેડાની ધરતી ઉપર આવવાનું લખ્યું હશે.

મારા મિત્રએ જ્યારે આ વાત પૂરી કરી એ જ વખતે મને ચમકારો થયો કે ગુરુજીએ એક વખત સત્સંગ દરમ્યાન કહ્યું હતું કે અચાનક કોઇ હટી જશે અને એની જગ્યાએ તારે ઊભું રહેવાનું થશે અને એ જ પરિસ્થિતિ અને પરિણામ શબ્દસહ સાચુ પડ્યું. હું હજીયે ઈશ્વરમાં નથી માનતો પરંતુ પરમ પૂજ્ય ગુરુજીમાં પૂર્ણ શ્રદ્ધા ધરાવું છું. એ મારા જીવનના એકમાત્ર ગુરુ છે જેમણે મને સાચો રાહ બતાવ્યો. સદ્ગુરુ ૐઋષિના ચરણોમાં કોટિ કોટિ વંદન...

લી. વિશ્વાસ પટેલ (કેનેડા)

**આપ પણ આપના જીવનનો કાયાકલ્પ કરવા ઇચ્છતા હોય તો ગુરુજીની આજ્ઞાનું પાલન કરો અને ૐકાર ચાલીસા લેખન અને પઠન અવશ્ય કરો. તેમજ "સદ્ગુરુ ૐઋષિ" યુટ્યુબ ચેનલ પર પરમ પૂજ્ય ગુરુજીના દિવ્ય મંત્ર અને મંત્રશક્તિપાત અવશ્ય સાંભળો.**

## શ્રી ચારધામ ચાલીસાથી ચારધામની યાત્રામાં આવેલ વિઘ્ન ટળ્યું

હું ૨૦૨૪માં પરિવાર સાથે ચારધામ યાત્રા કરવા ગયો હતો. મારા પિતાશ્રીની ૬૫ વર્ષની ઉંમર છે. એમની ચારધામની યાત્રા કરવાની ખૂબ જ ઇચ્છા હતી. અમે ચારધામ યાત્રાના પ્રથમ પડાવ પર હતા ત્યારે જ પિતાશ્રીની તબિયત બગડી. પેટમાં દુઃખાવો ઉપડ્યો. અમદાવાદ પાછું જવું પડશે એવી

પરિસ્થિતિનું નિર્માણ થયું.

એવા સમયે અચાનક મારા માતૃશ્રીને યાદ આવ્યું કે પરમ પૂજ્ય ગુરુજીએ શ્રી ચારધામ ચાલીસા જે આપી છે એનો પાઠ આપણે કરીએ. અમે બધાએ વાડકીમાં પાણી લઇને સંકલ્પ કરીને ચારધામ ચાલીસાનો પાઠ કર્યો અને અભિમંત્રિત થયેલ જળ પિતાશ્રીને પીવડાવ્યું.

જળ પીધાના અડધો કલાકમાં જ એમની તબિયતમાં સ્થિરતા થઇ અને તેઓ સૂઇ ગયા. સવારે એમને પૂછ્યું તો તેઓ એકદમ ઓલરાઇટ છે એવું કીધું. પરંતુ ચારધામ ચાલીસાનો પાઠ કરતા પહેલા અમે જે પરિસ્થિતિ દેખી હતી એ પરિસ્થિતિ વર્ણવવી ખૂબ મુશ્કેલ છે. અમને તો એવું લાગતું હતું કે અમે અમદાવાદ સુધી પણ એમને જીવતા પહોંચાડી નહીં શકીએ. મારા પિતાશ્રીને જીવનમાં પહેલીવાર શારીરિક રીતે કોઇ તકલીફ આવી રીતે ધાર્મિક સ્થળ ઉપર ઊભી થઇ હતી. એ સિવાય એમણે ક્યારેય અમદાવાદમાં પણ કોઇ શારીરિક પીડાની ફરિયાદ કરી ન હતી. પરંતુ એ ક્ષણે પરમ પૂજ્ય ગુરુજી રચિત શ્રી ચારધામ ચાલીસાનો પાઠ કરવાથી ચમત્કારિક રીતે ફરક પડી ગયો, આ ચમત્કારનો મહિમા અમને સમજાઇ ગયો. અમારી યાત્રા ત્યારબાદ નિર્વિઘ્ને પરિપૂર્ણ થઇ.

એ દિવસથી આજ દિન સુધી અમે આખો પરિવાર શ્રી ચારધામ ચાલીસાનો પાઠ નિયમિત કરીએ છીએ. અમને એના પર પૂર્ણ શ્રદ્ધા અને આસ્થા બેસી ગઇ છે. મને તો એવું લાગે છે કે રોજ ચારધામ ચાલીસાનો પાઠ કરીને રોજ ચારધામની યાત્રા કરીએ છીએ. આવી દિવ્ય રચના કરવા બદલ પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટી કોટી વંદન...

લી. નિમેષ દેસાઇ (અમદાવાદ)

**આપ પણ ચારધામની યાત્રા કરવા જાઓ કે પછી ઘરે બેઠાં ચારધામની યાત્રાનું પૂર્ણ ફળ મેળવવા ઇચ્છતા હોય તો પરમ પૂજ્ય ગુરુજી રચિત શ્રી ચારધામ ચાલીસા રોજ અવશ્ય કરો. આપની યાત્રા ચોક્કસ નિર્વિઘ્ને પરિપૂર્ણ થઇ જશે અને એનું પૂર્ણ ફળ પ્રાપ્ત થશે.**

## ગુરુજીએ આપેલ મંત્રથી જીવનમાં બદલાવ આવ્યો

મારે કરિયાણાની દુકાન હતી જે મારા બાપ-દાદાના સમયથી ચાલી આવતી હતી. મારા પિતાશ્રીના નિધન બાદ એ દુકાન હું જ સંપૂર્ણપણે સંભાળતો હતો. સવારના સાતથી રાતના નવ લાગ્યા સુધી દુકાન ઉપર બેસવું એ મજબુરી હતી. મહેનત કર્યા પછી પણ ખર્ચો બાદ કરતા મહિને એંશી-નેવું હજારથી વધારે રૂપિયા મળતા ન હતા, પરંતુ એ નેવું હજાર રૂપિયા મને નવ કરોડ જેવા

લાગતા હતા. અમે ખુશ હતા, ખાધેપીધે સુખી અને સંતાનોને સારી રીતે ભણાવી શકતો હતો.

પરંતુ અચાનક એક દિવસ મને માથાના દુઃખાવાની તકલીફ થઇ. મારી પત્ની ધર્મિષ્ઠા પરમ પૂજ્ય ગુરુજીમાં ખૂબ શ્રદ્ધા ધરાવે છે. એણે મને આ દુઃખાવા માટે ગુરુજી પાસે જવાની સલાહ આપી. અમે બંન્ને પરમ પૂજ્ય ગુરુજી પાસે આવ્યા.

ગુરુજીએ કહ્યું "તારી નિયતિમાં આર્થિક ધનયોગ ઘણો સારો છે. હું જાણું છું કે તું માથાના દુઃખાવા માટે આવ્યો છું પરંતુ તારે દિશા બદલવાની જરૂર છે."

એમણે મને માથાના દુઃખાવા માટે સિદ્ધ મંત્ર, મલમ અને ૐકાર ચાલીસાનો પાઠ કરવા માટે આપ્યો. તેમજ આર્થિક ઉન્નતિ માટેનો પણ મંત્ર આપ્યો. બંન્ને મંત્ર અને ૐકાર ચાલીસા મેં શ્રદ્ધાથી કરવાનું શરૂ કર્યું. મારે મારો ધંધો છોડવાનો ન હતો. મારે તો મારો માથાનો દુઃખાવો બંધ થાય એટલી જ ઇચ્છા હતી.

બે મહિનામાં તો એમણે આપેલા મંત્ર અને મલમથી માથાનો દુઃખાવો દૂર થઇ ગયો. હું નિશ્ચિંત થઇ ગયો. ત્યારબાદ ૨૦૨૦માં કોરોના આવ્યો. કોરોનામાં બે કલાક દુકાન ચલાવતો અને બાકીનો સમય શું કરવું એ સમજાતું ન હતું. એટલે પછી મેં શેરબજાર કરવાનું શરૂ કર્યું. ધીમે-ધીમે કરતા પિતાશ્રીએ મુકેલી એફ.ડી.ના આધારે શેરોની ખરીદી કરી અને લાઇફટાઇમ રોકાણ છે એમ સમજીને મુકી રાખ્યા, પરંતુ ૨૦૨૦ થી ૨૦૨૨ સુધીમાં એ મૂડી ત્રણ ગણી થઇ ગઇ અને ધીમે-ધીમે શેરબજારમાં મારી પક્કડ આવી ગઇ.

આજે મારા કરિયાણાની દુકાનની સાથે-સાથે મારું પચાસ થી સાંઇઠ ટકા ધ્યાન શેરબજારમાં છે અને એમાંથી આર્થિક રીતે ઘણુંબધું અર્થ ઉપાર્જન થાય છે. મારી જીવનમાં તકલીફ આવી અને એના લીધે પરમ પૂજ્ય ગુરુજીને મળવાનું થયું અને એમના માધ્યમથી મને આ રસ્તો મળ્યો. એટલે જ હું આનો શ્રેય પરમ પૂજ્ય ગુરુજીને આપું છું જેમણે મારા જીવનમાં બદલાવ લાવ્યો. બે વર્ષમાં અમે પરિવાર સાથે દુનિયાના બે દેશો ફરી આવ્યા છીએ. મારી પત્ની અને મારા સંતાનો ખૂબ જ ખુશ છે. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં નમન.....

લી. વંદન પટેલ (વડોદરા)

**આપ પણ આપના જીવનનો કાયાકલ્પ કરવા ઇચ્છતા હોય તો પરમ પૂજ્ય ગુરુજીના મંત્ર અને ૐકાર ચાલીસા લેખન તથા પઠન અવશ્ય કરો. આપનું જીવન ચોક્કસ સુખી અને સમૃદ્ધ બની જશે.**

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન લાલ કલરનાં વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને વાદળી કલરનાં વસ્ત્રમાં ઘઉંના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને સફેદ વસ્ત્રમાં મગના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન આસમાની કલરના વસ્ત્રમાં કઠોળ ચણાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ લીલા કલરના વસ્ત્રમાં ઈલાયચીના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઈચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ સફેદ વસ્ત્રમાં ચપટી સફેદ તલ અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

|| ॐ નમઃ ||

# મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના

# પરમ ગુરુભક્ત શ્રી ડૉ. હર્ષિલ શાહ





- શું આપને ઘૂંટણમાં દુખાવાને કારણે ચાલવામાં મુશ્કેલી પડે છે ?
- શું આપને સાંધા બદલવાની સલાહ આપવામાં આવી છે?
- શું આપને સીડી ચડવામાં કે ઉતરવામાં તકલીફ પડે છે ?

**આવી સાંધાને લગતી કોઈપણ તકલીફ માટે ડૉ.હર્ષિલ શાહનો સંપર્ક કરો.**

ઓપરેશનની નવી ટેકનીક નવી ડિઝાઈનવાળા હાઈ ફ્લેકશન સાંધા માટે સંપર્ક કરો.

ૐકાર સંપ્રદાયના ભક્તો માટે સ્પેશીયલ આર્થિક સુવિધા આપવામાં આવશે.

## રેડીઅન્ટ ઓર્થોપેડિક હોસ્પિટલ

૨૦૬-૨૦૯, એચ. આર. એલાન્ઝા,
મહાલક્ષ્મી પાંચ રસ્તા, પાલડી,
અમદાવાદ

મોઃ +91 75677 24365 | 95585 45176

|| ॐ નમઃ ||



Advt.

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી
# આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૦૬-૨૦૨૫ | શનિવાર | ૐ લક્ષ્મીતા | ૦૬-૦૭-૨૦૨૫ | રવિવાર | ૐ શનિલક્ષ્મીદેવી |
| ૨૨-૦૬-૨૦૨૫ | રવિવાર | ૐ વાચીતા | ૦૭-૦૭-૨૦૨૫ | સોમવાર | ૐ સૂર્યલક્ષ્મીદેવી |
| ૨૩-૦૬-૨૦૨૫ | સોમવાર | ૐ સર્વસિદ્ધિ | ૦૮-૦૭-૨૦૨૫ | મંગળવાર | ૐ ચંદ્રલક્ષ્મીદેવી |
| ૨૪-૦૬-૨૦૨૫ | મંગળવાર | ૐ કાર્યતા | ૦૯-૦૭-૨૦૨૫ | બુધવાર | ૐ રાહુલક્ષ્મીદેવી |
| ૨૫-૦૬-૨૦૨૫ | બુધવાર | ૐ વાજમ લક્ષ્મીદેવી | ૧૦-૦૭-૨૦૨૫ | ગુરુવાર | ૐ કેતુલક્ષ્મીદેવી |
| ૨૬-૦૬-૨૦૨૫ | ગુરુવાર | ૐ કાર્યમ લક્ષ્મીદેવી | ૧૧-૦૭-૨૦૨૫ | શુક્રવાર | ૐ જ્ઞાનલક્ષ્મીદેવી |
| ૨૭-૦૬-૨૦૨૫ | શુક્રવાર | ૐ પવિતાતા | ૧૨-૦૭-૨૦૨૫ | શનિવાર | ૐ ઈન્દ્રદેવાય |
| ૨૮-૦૬-૨૦૨૫ | શનિવાર | ૐ શ્રી સૂર્યવિદન્ત્યદેવ | ૧૩-૦૭-૨૦૨૫ | રવિવાર | ૐ રક્ષલ્ય |
| ૨૯-૦૬-૨૦૨૫ | રવિવાર | ૐ શ્રી ક્ષેત્રપાળવીર | ૧૪-૦૭-૨૦૨૫ | સોમવાર | ૐ મંગલલક્ષ્મીદેવી |
| ૩૦-૦૬-૨૦૨૫ | સોમવાર | ૐ ધનકુબેરદેવ | ૧૫-૦૭-૨૦૨૫ | મંગળવાર | ૐ સિદ્ધામોક્ષમ |
| ૦૧-૦૭-૨૦૨૫ | મંગળવાર | ૐ રાજલક્ષ્મીદેવી | ૧૬-૦૭-૨૦૨૫ | બુધવાર | ૐ ઈન્દ્રલોકાય |
| ૦૨-૦૭-૨૦૨૫ | બુધવાર | ૐ બગલામુખીદેવી | ૧૭-૦૭-૨૦૨૫ | ગુરુવાર | ૐ મનોતા |
| ૦૩-૦૭-૨૦૨૫ | ગુરુવાર | ૐ ગુરુલક્ષ્મીદેવી | ૧૮-૦૭-૨૦૨૫ | શુક્રવાર | ૐ કાર્યમતિબા |
| ૦૪-૦૭-૨૦૨૫ | શુક્રવાર | ૐ શુક્રલક્ષ્મીદેવી | ૧૯-૦૭-૨૦૨૫ | શનિવાર | ૐ રક્ષાલિતા |
| ૦૫-૦૭-૨૦૨૫ | શનિવાર | ૐ બુધલક્ષ્મીદેવી | ૨૦-૦૭-૨૦૨૫ | રવિવાર | ૐ ધનતંતી |

# જાહેર આમંત્રણ

"દર્શન માત્ર સે મિટે કષ્ટ"

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮

પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામીના

## ગુરૂપૂર્ણિમા ના પાવન દિવસે

ૐકારની દિવ્યકૃપા અને મંત્રથી તેજોમય

# મહાદર્શન



**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**
**પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી**

**શુભ તારીખ**

૧૦ જુલાઈ, ૨૦૨૫ - ગુરુવાર

**શુભ સમય**

સાંજે ૫ થી ૮ કલાક સુધી

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

આંગીફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**M: 9537220959**

॥ ૐ નમઃ ॥

## જાહેર આમંત્રણ

# “દર્શન માત્ર સે મિટે કષ્ટ”

**મંત્ર – દર્શન – ચમત્કાર**

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**

**પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના**

# પૂનમ મહાદર્શન

ॐकार संप्रदाय®
(धार्मिक आध्यात्मिक पथ)



ॐकार संप्रदाय®
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

**૧૧ જૂન, ૨૦૨૫**
**બુધવાર**

**શુભ સ્થળ**

**અન્નપૂર્ણા હોલ,**
આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**શુભ સમય**

**સવારે 10 થી**
**બપોરે 1 કલાક સુધી**

**સંપર્ક સૂત્રઃ 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**